* A A A - 0 0 1 - 0 0 1 6 2 3 *

# AAA-001-001623

Seat No. ________

## Third Year B. A. (CBCS) (Sem. VI) Examination

**March / April – 2016**

## Gujarati : Paper - XVIII
## (Bhasha Vigyan - II)

**Faculty Code : 001**
**Subject Code : 001623**

Time : **2.30** Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પ્રથમ પ્રશ્ન MCQ છે, જેના ૨૦ ગુણ છે.

(2) બીજા પ્રશ્નોના ઉત્તરો માંગ્યા પ્રમાણે આપવા.

**1** MCQ : **20**

(1) મૂળઅંગની પૂર્વે લાગી તેના અંગ અને અર્થમાં વિશેષતા લાવનાર પ્રત્યયોને કયા પ્રત્યયો તરીકે ઓળખવામાં આવે છે ?

(A) પૂર્વપ્રત્યય (B) પરપ્રત્યય

(C) અંતઃપ્રત્યય (D) અધિપ્રત્યય

(2) 'દ્વન્દ્વ' સમાસ કેવા પ્રકારનો સમાસ છે ?

(A) એકપદ પ્રધાન (B) અન્યપદ પ્રધાન

(C) દ્વિપદપ્રધાન (D) સર્વપદપ્રધાન સમાસ

(3) કયા સમાસના વિગ્રહ વખતે સામાન્ય રીતે બે પદો વચ્ચે 'અને' મૂકવામાં આવે છે?

(A) વૈકલ્પિક દ્વન્દ્વ (B) સમાહાર દ્વન્દ્વ

(C) ઈતરેતર દ્વન્દ્વ (D) દ્વિગુ

(4) પુંલ્લિંગ માટે સામાન્ય રીતે કયો પ્રત્યય પ્રયોજાય છે ?

(A) ઓ (B) ઈ

(C) ઉ (D) આ

(5) ગુજરાતીમાં વચન કેટલાં છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) એક

(6) બહુવચન વ્યક્ત કરવા માટે સામાન્ય રીતે કયો પ્રત્યય વપરાય છે ?

(A) એ (B) ઓ

(C) ઈ (D) ઉ

(7) નપુંસકલિંગનો પ્રત્યય કયો છે ?

(A) ઓ (B) ઈ

(C) ઉ (D) આ

(8) પુંલ્લિંગમાં વિકારી કૃદંતમૂલક ક્રિયાપદનું 'આ' કારાન્ત રૂપ કયું વચન દર્શાવે છે ?

(A) એકવચન (B) દ્વિવચન

(C) ત્રિવચન (D) બહુવચન

(9) કર્તા (પ્રથમા) વિભક્તિના અનુગો કયા છે ?

(A) ને (B) ને, માટે, સારુ

(C) નો, ની, નું, ના (D) એ, થી

(10) સંપ્રદાન વિભક્તિના અનુગો કયા છે ?

(A) ને, માટે, સારુ (B) થી, વડે, વતી

(C) થી, વડે (D) નો, ની, નું, ના

(11) ક્રિયાના અર્થમાં વિશેષતા લાવનાર પદને કયા પદ તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ક્રિયાવિશેષણ (B) કૃદંત

(C) સંજ્ઞા (D) ક્રિયાપદ

(12) ક્યારે, અત્યારે, જ્યારે વગેરે કયા પ્રકારનાં ક્રિયા વિશેષણ છે ?

(A) સ્થળવાચક (B) સમયવાચક

(C) ક્રમવાચક (D) રીતિવાચક

(13) વાક્યો, પદસમૂહો અને પદોને જોડવાનું કામ કરનાર પદોને શું કહે છે ?

(A) ક્રિયાવિશેષણો (B) નિપાતો

(C) સંયોજકો (D) ઉદ્‌ગારવાચકો

(14) 'ઘોડો' કેવી સંજ્ઞા છે ?

(A) વિકારી પુંલ્લિંગ (B) અવિકારી નપુંસકલિંગ

(C) અવિકારી પુંલ્લિંગ (D) વિકારી નપુંસકલિંગ

(15) વિશેષ્યના અર્થમાં વધારો કરનાર પદને શું કહે છે ?

(A) વિશેષણ (B) સંજ્ઞા

(C) કૃદંત (D) સર્વનામ

(16) મૂળઅંગ અને સાધિત અંગ એ કોના પ્રકારો છે ?

(A) આખ્યાતિક અંગોના (B) સંજ્ઞાના

(C) વિશેષણના (D) સર્વનામના

(17) વર્તમાન કૃદંતનો પ્રત્યય કયો છે ?

(A) 'વ' (B) 'ઇ'

(C) 'ય' (D) 'ત'

(18) કયું કૃદંત કોઈ પણ કાળની અપેક્ષિત ક્રિયા દર્શાવે છે ?

(A) વર્તમાનકૃદંત (B) ભવિષ્ય કૃદંત

(C) ભૂતકૃદંત (D) વિધ્યર્થકૃદંત

(19) ગુજરાતી વાક્યરચનામાં પદોનો શિષ્ટ ક્રમ કયો છે ?

(A) કર્મ-કર્તા-ક્રિયાપદ (B) કર્તા-કર્મ-ક્રિયાપદ

(C) ક્રિયાપદ-કર્તા-કર્મ (D) ક્રિયાપદ-કર્મ-કર્તા

(20) જે વાક્યમાં ક્રિયાનું મહત્ત્વ હોય તેને કઈ વાક્યરચના કહે છે ?

(A) પ્રેરકવાક્યરચના (B) કર્તરિવાક્યરચના

(C) ભાવેવાક્યરચના (D) કર્મણિવાક્યરચના

૨ ભાષાની વ્યાખ્યા આપી ભાષા અને બોલી વચ્ચેનો ભેદ સમજાવો. **10**

**અથવા**

૨ માનવ સમાજમાં ભાષાનું સ્થાન દર્શાવી તેના વિવિધ ઉપયોગો બતાવો. **10**

૩ ગુજરાતીમાં વિભક્તિવ્યવસ્થા / વચનવ્યવસ્થા / માન્ય ગુજરાતીના ધ્વનિ ઘટકો વિશે ટૂંકમાં પરિચય આપો. **10**

**અથવા**

૩ ગુજરાતીમાં વ્યાપક રીતે કાર્યશીલ અંગસાધક પ્રત્યયોનો પરિચય આપો. **10**

૪ (અ) કોઈ પણ એક વિશે નોંધ લખો : **8**

(૧) ગુજરાતીમાં લિંગવ્યવસ્થા.

(૨) ગુજરાતી ભાષામાં અનુનાસિકો, અર્ધસ્વરો.

(બ) કોઈ પણ એક વિશે નોંધ લખો : **8**

(૧) ભાષામાં વાક્યતંત્ર.

(૨) આખ્યાતિક અંગો.

૫ કોઈ બે વિશે નોંધ લખો : **14**

(૧) દ્વિરુક્ત પ્રયોગો.

(૨) ભારતીય આર્યભાષાના વિકાસના તબક્કાઓ દર્શાવો.

(૩) ગુજરાતી ભાષાની અર્વાચીન ભૂમિકા લાક્ષણિકતાઓ સાથે દર્શાવો.

(૪) ભારોપીય ભાષાકુળની ચર્ચા કરી ગુજરાતી ભાષાનો વિકાસક્રમ દર્શાવો.

---